| Accredited Grade "A" by NAAC | # સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
|---|---|

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ–૩૬૦ ૦૦૫**

નં.એકે/ ૭૦૦ /૨૦૧૫ તા.૨૫/૭/૨૦૧૫

પરિપત્રઃ–

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓને સવિનય જણાવવાનું કે "સેફટી ઓફ સ્ટુડન્ટ ઓન એન્ડ ઓફ કેમ્પસ ઓફ હાયર એઝયુકેશન ઈન્સીટયુશન્સ અંગે યુ.જી.સી ન્યુ દિલ્હીના પત્રાંક F. 1-11/2014(CCPP-II) તા.૧૭–૪–૨૦૧૪ની જોગવાઈ સંદર્ભે સિન્ડિકેટે તેની તા.૨૬–૬–૨૦૧૫ની સભાના કામકાજ ક્રમાંક ૪૫(૧૬) થી મંજૂર કરેલ ઠરાવ આથી નીચે મુજબ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૪૫ (૧૬) એકેડેમિક — યુ.જી.સી. દિલ્હીના પત્રાંક F. 1-11/2014(CCPP-II) તા.૧૭–૪–૨૦૧૪ અન્વયેની યુ.જી.સી.ગાઈડ લાઈન ઓન સેફટી ઓફ સ્ટુડન્ટસ ઓન એન્ડ ઓફ કેમ્પસ ઓફ હાયર એજયુકેશન ઈન્સ્ટીટયુશન્સમાં જણાવેલ જોગવાઈ પૈકી નીચે જણાવેલ જોગવાઈ પરત્વે વિચારણા કરવા બાબત.

૧. ગાઈડ લાઈન્સ પાના નં.–૪ મુદ્દા નં.–૨.૧૨ મુજબ ડીઝાસ્ટર મેનેજમેન્ટને લગતા અભ્યાસક્રમો ફરજીયાત વિષય તરીકે દાખલ કરવા અંગે.
૨. ઉપરોકત "૧" ના સંદર્ભમાં મોકડ્રીલ, વર્કશોપ અને અવેરનેશ પ્રોગ્રામનું આયોજન કરવા અંગેની જોગવાઈ પરત્વે વિચારણા કરવા અંગે.

એકેડેમિક કાઉન્સિલની તા.૩૦/૩/૨૦૧૫, ઠરાવ ક્રમાંક ૧૬

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત ક્રમાંક "૧"માં જણાવેલ ડીઝાસ્ટર મેનેજમેન્ટનો અભ્યાસક્રમ યુ.જી.સી.એ નામદાર સર્વોચ અદાલતના ચૂકાદા અન્વયે તૈયાર કરેલ પર્યાવરણના અભ્યાસક્રમની જેમ આતંરિક મુલ્યાંકનનો વિષય રાખવો અને આ પ્રકારના અભ્યાસક્રમોને કારણે વધતા તાસની સંખ્યા શિક્ષકોના વર્કલોડની ગણતરીમાં સમાવવા રાજય સરકારશ્રીને ભલામણ કરવી તથા ક્રમાંક "૨" અંગેની બાબતે સંબંધિત કોલેજોને પરિપત્ર કરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાના સહયોગથી મોકડ્રીલનું આયોજન કરવુ અને અવેરનેશ કાર્યક્રમો એન.એસ.એસ. /એન.સી.સી. વિગેરેની પ્રવૃતિનો ભાગ બનાવવાની જોગવાઈ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણ સ્વીકારવી અને ડીઝાસ્ટર મેનેજમેન્ટના અભ્યાસક્રમ સંદર્ભે વધતા શૈક્ષણિક કાર્યભારને જે તે કોલેજના શૈક્ષણિક કાર્યભારની ગણતરીમાં સમાવેશ કરવા રાજય સરકારશ્રીના શિક્ષણ વિભાગમાં દરખાસ્ત કરવી.

આથી સર્વે સંબંધિતોને વિનંતી કરવાની કે એકેડેમિક કાઉન્સિલના ઉપરોકત ઠરાવ ક્રમાંક (૧૬) અને ઉપરોકત ઠરાવ ૪૫(૧૬) નો અમલ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ થી કરવા વિનંતી

(ડો.ધીરેન ડી.પંડયા)
I/C.કુલસચિવ

રવાના કર્યુ

વિભાગીય અધિકારી
(એકેડેમિક વિભાગ)

પ્રતિ,
(૧) સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ.
(૨) પ્રાધ્યાપક અને અધ્યક્ષશ્રી,સર્વે યુનિવર્સિટી ભવનો.
(૩.) માન.સંસ્થાના વડાઓ તથા અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર–ઈન–ચાર્જશ્રીઓ.

<u>નકલ સાદર રવાના :–</u>
૧. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
૨. ડીનશ્રી,બિઝનેશ મેનેજમેન્ટ વિદ્યાશાખા
૩. પરીક્ષા નિયામકશ્રી (૮ નકલ)
૪. સિન્ડિકેટ [illegible]
૫. જોડાણ વિભાગ
૬. પી.જી.વિભાગ
૭. સામાન્ય વિભાગ
૮. યુ.જી.સી.વિભાગ
૯. નિયામકશ્રી,કોમ્પ્યુટર સેન્ટર,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
( વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે સીડી સાથે)